# જૈન જાગૃતિ સેન્ટર
## કલાનગરી, વડોદરા.

પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતો પરિવાર

| પ્રમુખ | ઉપ-પ્રમુખ | ઉપ-પ્રમુખ | સ્થાપક પ્રમુખ |
|---|---|---|---|
| દિનેશ નાણાવટી | ભરત.દોશી | વિજય શાહ | હર્ષદ બગડીયા |
| ૯૮૨૫૭૧૧૭૫૦ | ૯૮૨૪૦૧૦૯૫૦ | ૯૯૭૪૦૯૭૬૩૩ | ૯૩૭૬૨૧૦૧૬૭ |

J. J. C. CENTRAL BOARD
INWARD NO.:- 7774
CHAIRMAN:-
SEC. GENERAL:- 14/12/18
SECRETARY:
DATE:- 12/12/17

વ્હાલા સભ્યો મિત્રો,

જય જિનેન્દ્ર

વર્ષ ૨૦૧૭ વિદાય લઈ રહ્યું છે અને ટુંક સમયમાં વર્ષ ૨૦૧૮ ની શરૂઆત થઈ જશે.

વર્ષ ૨૦૧૭ વિદાય લેતા લેતા ગુજરાત વિધાનસભા ની ચૂંટણીઓ તથા 'ઓખી' નામનું ઝંઝાવાતી વાવાઝોડાની અસર આપતું ગયુ.

આપણા સેન્ટરે વર્ષ દરમ્યાન ઘણા સારા કાર્યક્રમો જાસર કે નાટકો, પીક્ચર, તેમજ અન્ય ભોજન સાથેના કર્યા...

દરેક માનવીના સ્વભાવ પ્રકૃતી અલગ અલગ જોવા મળે છે. તેમ ઘણા પરીવારો સભ્યો કાર્યક્રમને શરૂઆત થી અંત સુધી ખરા હૃદય, મન થી માણતા હોય છે.

ઘણા પોતાના વ્યસ્તજીવનની અનુકૂળતા, પ્રતીકૂળતાને ધ્યાનમાં રાખી માણતા હોય છે.

વર્ષ ૨૦૧૮ ની સભ્યપદનું ફોર્મ આ પરીપત્ર સાથે રવાના કરેલ છે...

ગત કાર્યક્રમ સનસીટી રીસોર્ટ માં કરેલો. ખૂબજ મઝા માણી સવારે ક્રિકેટ, જુના વખતની રમતો, સ્વીમીંગ, સાથે સાથે સુંદર બ્રેક ફાસ્ટ, લંચ અને છેલ્લે હાઈ-ટી લઈને સૌ છુટા પડેલા ત્યારે જેજેસીનો એક મેસેજ આપણે સૌને આપેલો કે દરેક સભ્ય મિત્ર પરિવાર ઓછામાં ઓછો ૧ નવો સભ્ય મિત્ર સંસ્થા સાથે જોડે... સભ્ય સંખ્યા થોડી વધારે થવાથી ઘણા ફાયદા છે. આર્થીક રીતે ચલાવવામાં.... જેનાથી બચત પણ થાય છે. અને એકાદ કાર્યક્રમ વધુ માણી શકાય છે. બજેટની રીતે પણ પ્લોટ - કેટરીંગ વ્યવસ્થા બધુ વ્યાજબી થઈ પડે છે. આશા રાખીએ છીએ કે આપ સૌ એક અંગત મિત્રને સંસ્થા સાથે જરૂર જોડશો...

જેજેસીનો ૧૮મો યુવા મેળો તા. ૭-૧-૨૦૧૮ ને રવિવારે યોજાઈ રહ્યો છે. વર્ષોના આ સેન્ટરના ઉપરોક્ત આયોજનમાં સમગ્ર જૈન સમાજે ખૂબજ વિશ્વાસ પ્રગટ કર્યો છે. જે આ મેળાની ઉમેદવારી લગભગ ૫૫૦ ઉપર થયેલ છે. શહેરમાં તેમજ અન્ય શહેરોમાં થતા આવાજ આયોજનો મોટા ભાગે ૧૫૦ થી ૩૦૦ ની સંખ્યામાં જ આટોપી લેવાતા હોય છે.

તમામ ફીરકાના જૈન પરીવારો, સમાજ નો ખૂબ ખૂબ આભાર... આ કાર્યક્રમમાં પ્રીતી ભોજનના દાતા તરીકે કે અન્ય નાની રકમનું યોગદાન પણ જરૂર જરૂર આપી સહકાર આપશો અને અપાવશો.

હવે વાત કરીશ આ પરીપત્રની મેઈન વાતની...

*Goodbye 2017* નો એક અનેરો કાર્યક્રમ આયોજેલ છે. તા. ૧૬-૧૨-૨૦૧૭ ના રોજ - શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર ના ડાયરા સાથે...

## "ઘેલો થયો ઘનશ્યામ"

સ્થળ : ગંગોત્રી પાર્ટી પ્લોટ, સમા-સાવલી રોડ, વડોદરા.

રજીસ્ટ્રેશન સાંજના ૬.૦૦ થી શરૂ ૭.૩૦ સુધી (આઈ કાર્ડ લઈ પધારશો) ભોજન સમય : સાંજના ૭.૦૦ થી ૮.૩૦ ડાયરાના કાર્યક્રમની સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને. ડાયરો રાતના ૮.૩૦ થી ૧૦.૩૦

સૌના સાથ સહકારની ખૂબજ અપેક્ષા. ઠંડીનો માહોલ છે. તમામ પ્રકારથી શરીરને જોઈતા વસ્ત્રોની વ્યવસ્થા સાથે પધારશો. જેથી કાર્યક્રમને માણવાની મઝા આવે.

ત્યારબાદ આયોજન કરેલ છે. *Special ... Extra... Extra... Extra...* નવું નક્કર અને અત્યંત મૌલિક નાટક.... "૧૧ કલાક ૨૩ મિનિટ"




સ્થળ : સર સયાજી નાટ્ય ગૃહ - અકોટા, વડોદરા. તારીખ ૨૦-૧૨-૧૭, બુધવારના રોજ. સમય : રાત્રે ૯.૩૦ કલાકે (ખૂબજ સમયસર પધારશો એવી નમ્ર વિનંતી) ડ્રામા ના શો ની ટીકીટ આ તા. ૧૬-૧૨-૨૦૧૭ ના કાર્યક્રમ દિવસે આપવામાં આવશે.

વર્ષ ૨૦૧૮ની ફી તેમજ ફોર્મ આ કાર્યક્રમના દિવસે અચૂક ચેક કે રોકડ માં આપી, રજીસ્ટ્રેશન ઉપર આપી દેવા નમ્ર વિનંતી. જેથી વર્ષ ૨૦૧૮ ના કાર્યક્રમો નું યોગ્ય પ્લાનીંગ કરવામાં સરળતા રહે. વર્ષ ૨૦૧૭ ના સમય દરમ્યાન આપ સૌ સભ્યો તરફથી મળેલ સાથ સહકાર અને સલાહ માર્ગદર્શન માટે આભાર... આભાર... તેમજ આર્થીક સહયોગ આપનાર નો ઋણ સ્વીકાર કરીએ છીએ.

લિ. મંત્રીઓ :
શ્રી ભરત કનુભાઈ શાહ
શ્રી હિતેશ રસીકલાલ શાહ